# આદર્શ પશુપાલન





આજની મોંઘવારી અને જૂની ચીલાચાલુ પધ્ધતિના કારણે પશુપાલનના વ્યવસાયના સામે એક ખતરો ઉભો થયો છે. જો વિજ્ઞાનને અપનાવીશું નહી અને પરિવર્તન કરીશું નહી તો આપણો પશુપાલનનો વ્યવસાય ભસ્મીભૂત થઈ જશે અને આપણે આ બાબતે પરાવલંબી બની જઈશું. આ અંધકારમાંથી માર્ગ કાઢવાનો સરળ ઉપાય એટલે વિજ્ઞાન અપનાવી ઓછા ખર્ચે ગુણવતાયુકત વધુ ઉત્પાદન કરી પશુપાલનના ધંધાને ઉગારી લઈએ.

**૧. ઘાસ કાપીને આપવું:**

લીલા સૂકા ઘાસના બે થી ત્રણ ઈંચના ટુકડા કરી ઘાસ આપવામાં આવે તો ૩0% ઘાસની બચત કરી શકાય જે તે વર્ષે જાનવર દીઠ ૨૧૦૦ રૂપિયા જેટલી બચત કરી આપે.

**૨. ઘાસ ઉપર યુરિયા પ્રક્રિયા કરવી :**

ડાંગર, ઘઉંના સૂકા ઘાસ ઉપર ૪% યુરિયાનું દ્રાવણ છંટકાવ કરી ૨૧ દિવસ ગંજી ને બંધ રાખી ત્યારબાદ ખવડાવવામાં આવે તો દૈનિક જાનવર દીઠ જાનવર દીઠ એક કિલો દાણની બચત થાય છે જે વાર્ષિક ૨૯૦૦ રૂપિયા જેવો ફાયદો થાય છે.

**૩. ચોવીસ કલાક પીવાનું પાણીની વ્યવસ્થા :**

જળ એ જીવન છે. જાનવરને વધુમાં વધુ સમય અથવા ચોવીસ કલાક પાણીની વ્યવસ્થા કરવામાં આવે તો દસ ટકા દૂધ ઉત્પાદન વધુ આપે છે. જે જાનવર દીઠ ૪ થી ૫ રૂપિયાનો દૈનિક ફાયદો કરી આપે છે.

**૪. મીનરલ પાવડરનો દૈનિક ઉપયોગ :**

દૂધ આપતા કે ન આપતા તમામ જાનવરોને દૈનિક ૫૦ ગ્રામ જેટલો મીનરલ પાવડર આપવામાં આવે તો દૂધ અને ફેટમાંવધારો થાય. વાંઝિયાપણું અટકે. તેથી દૈનિક બે થી ત્રણ રૂપિયા જાનવર દીઠ ફાયદો થાય છે.

**૫. મીઠાનો નિયમિત ઉપયોગ :**

ખોરાકને સ્વાદિષ્ટ બનાવવા, પાચકતા વધારવા અને લોહી ભ્રમણ માટે મીઠું ખૂબ જ જરૂરી છે. દૈનિક ૩૦ ગ્રામ જેટલું મીઠું આપવાથી દૂધ વધે છે અને વાંઝિયાપણું અટકે છે. જેથી દૈનિક બે થી ત્રણ રૂપિયા જાનવર દીઠ ફાયદો થાય છે.

**૬. બચ્ચાને છેલ્લે ધવડાવવાનું અટકાવવાથી :**

છેલ્લા દૂધમાં ફેટ વધારે હોય છે. જે નાના બચ્ચાને પચવા માટે યોગ્ય નથી. બીજી બાજુ આવુ દૂધ દોહીને વેચવામાં આવે તો દૂધના નાણાંવધુ મળે છે માટે બચ્ચાને હંમેશા દોહતા પહેલા ધવડાવી લેવુંજેથી બચ્ચાને દૂધ પચશે. તંદુરસ્તી જળવાશે અને સારી રીતે ઉછેરી શકશે અને દૂધની વધુ આવક મળશે.


: લેખક :

જે. પી. મીના
બી. એલ. ઘાયલ



: પ્રકાશક :

વરીષ્ઠ વૈજ્ઞાનિક-વ-વડા
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
મંગલભારતી
મુ. પો. ગોલાગામડી,
તા. સંખેડા, જીલ્લો –છોટાઉદેપુર
(ગુજરાત) ૩૯૧૧૨૫
ફોન. ૦૨૬૫–૨૪૩૨૪૦

2015-2016


રહિત, જંતુ રહિત જગ્યાએ બાંધવી જોઈએ. ગાભણ ભેંસને ચોવીસે કલાક તેની ઈચ્છા પ્રમાણે સ્વચ્છ પીવાનું પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. બચ્ચાને ચરમની તકલીફ ના થાય તે માટે ગાભણ ભેંસને વિયાણના બે માસ અગાઉ ચરમ(કૃમિની) નાબુદીની દવા આપવી જોઈએ. વિયાણ સમયે બેસવાની જગ્યાએ સૂકા પરાળની પથારી કરવી. વિયાણ શાંત વાતાવરણમાં કુદરતી રીતે થવા દેવુંવિયાણમાંમુશ્કેલી જણાય તો અણઘડ માણસોને ન બોલાવતાં ડોકટરી સારવાર મેળવવાની વ્યવસ્થા કરવી. વિયાણ બાદ બચ્ચાને સ્વચ્છ કપડાથી સાફ કરવું, નાક, કાન, મોંમાંથી ચિકણો પદાર્થ સાફ કરવો. નાળ લાંબો હોય તો સ્વચ્છ ચપ્પા વડે કાપી ટીકચર આયોડિનનું પુમડું લગાડવું. બચ્ચાને જન્મ પછી તરત જ શકય હોય તો ૧૦ થી ૧૫ મિનિટમાંજ ઓછામાં ઓછું અડધો લિટર કરાટું પીવડાવવું, દિવસ દરમ્યાન બચ્ચાના શરીરના વજનમાં દશમાં ભાગનું કરાટું બે–ત્રણ વખત થાઈને પાવું. બચ્ચાને શરૂઆતમાં૧ .૫ થી ૨ લિટર જેટલું માનુ દૂધ આપવું અને ત્રણ માસમાં ધીરે ધીરે દૂધ આપવાનું બંધ કરવું. પાડી ૨ થી ૩ અઠવાડિયાની થાય એટલે કૂણું ઘાસ, દાણ તથા પાણી આપવું. બચ્ચું એક માસનું થાય ત્યારે દરરોજ ૧૦૦ ગ્રામ જેટલું દાણ આપવાનું શરૂ કરવું અને દર માસે ૧૦૦ ગ્રામ વધારતા જવું. બચ્ચાના પેટના કોઠાર(રૂમેન)નો વિકાસ વહેલો થાય તે માટે અઠવાડિયાની ઉંમરથી થોડું લીલું કૂમળું ઘાસ અને ભેંસના વાગોળવાળું ઘાસ ખવડાવવું. એક માસની ઉંમરે મલાઈ વગરનું દૂધ અને પ્રોટીનયુકત દાણનું મિશ્રણ બનાવી ધીમે ધીમે આખા દૂધના બદલામાં આપીને પાડીનો ઉછેર સસ્તો બનાવી શકાય છે. આપણે ત્યાં પાડીઓનું મરણ પ્રમાણ આ ઉંમરે જ ખોરાકના અભાવે સૌથી વધુ જોવા મળે છે. બચ્ચાને પૂરતી કસરત તથા સૂર્ય પ્રકાશ મળી રહે તે માટે સવારના સમયમાં વાડામાં થોડા સમય માટે છુટા મુકવા. બચ્ચાના જન્મ પછી૧૦ થી ૧૫ દિવસે પ્રથમ વખત ચરમ નાબુદીની દવા પાવી. ત્યારબાદ દર માસે એક વખત તેમ છ માસ સુધી આ દવા પાવી. નાના બચ્ચાને અઠવાડિયા પછીથી દૂધ ઉપરાંત જરૂરી પાણી પીવડાવવું જોઈએ અને જયારે બચ્ચાને ઝાડા થઈ ગયા હોય ત્યારે આવા સંજોગોમાં પાણીમાં ચપટી મીઠું નાખીને આપવું જરૂરી છે. નાના બચ્ચાને ચાંચડ, કથીરી ના લાગે તે માટે નિયમિત શરીર સફાઈ કરવી જરૂરી છે. અને શકય હોય તો બ્યુટોકસ નામની દવાને આશરે ૦૧ સી.સી. લિટર પાણીમાંનાખી કપડાથી શરીર ઉપર લગાડવાથી જીવજંતુઓનો નાશ થાય છે. આ દવા દર અઠવાડિયે વાપરવાથી અવળી અસર થતી નથી. નાના બચ્ચાના વિકાસમાં મીનરલ પાવડર સારૂ કામ કરે છે. ચાર માસની ઉંમર પછીથી દૈનિક ૧૦–૧૫ ગ્રામ(એક ચમચી) પાવડર આપવાથી સારો વિકાસ થાય છે અને ચામડીનો રોગ નિવારી શકાય છે. બચ્ચાને નિયમિત મીઠું આપવાથી ખોરાક પાંચન અને વિકાસ પણ સારો થાય છે. એક માસ પછીથી દૈનિક ૫–૧૦ ગ્રામ(એક ચપટી) મીઠુંઆપવું જરૂરી છે. પાડીની સારી માવજત કરીએ તો તેનું દૈનિક વજન ઓછામાં ઓછું ૪૦૦ થી ૫૦૦ ગ્રામ જેટલું વધે, અને બે વર્ષ પહેલાનું વજન ૨૫૦ કિ.ગ્રા. થતાંતે અવશ્ય વેતરે આવશે.

**વાછરડી અને પાડીની રહેઠાણ વ્યવસ્થા :**

વાછરડી અને પાડીને હવા ઉજાસવાળું, ભેજ જંતુરહિત, જે તે મોસમની માઠી અસર ન થાય તેવું રહેઠાણ હોવું જોઈએ. પાડીને પાંચ - છ માસની ઉંમર પ્રથમ વખત ગળસૂંઢાની રસી મુકાવવી અને ત્યારબાદ દર વર્ષે ચોમાસા પહેલા આ રસી મુકાવવી. પાડીને ચાર માસની ઉંમરે પ્રથમ વખત ખરવા મોવાસા રોગ વિરોધી રસી મુકાવવી અને ત્યારબાદ દર છ માસે નિયમિત આ રસી મુકાવવી. ૪–૫ માસની ઉંમરથી જ પાડીને ચાટણદાણ ચટાવવાની ટેવ પાડવી. પોતાને ઘરે કે તબેલામાં નાના બચ્ચાને પ્રેમથી હાથ ફેરવી બારીક નિરીક્ષણ કરવાથી કોઈપણ ચામડીનો કે અન્ય રોગ હોય તો ખબર પડી જાય છે ઉપરાંત બચ્ચાનો વિકાસ થાય છે. આજની પાડી આવતીકાલની ભેંસ અને આજની વાછરડી આવતીકાલની ગાય સમજીને જયારે બિમારી જણાય ત્યારે યોગ્ય ઉપાય કરવો તથા જરૂર પડે તો ડોકટરની પણ સલાહ લેવી. પાડીઓ વેતરના ચિન્હો ઓછા પ્રમાણમાં દર્શાવે છે, તેમ છતાં આવાં ચિન્હો જણાય તે પછીના ૧૨ થી ૨૪ કલાક સુધીમાં એક અથવા બે વીર્યદાન કરાવવાથી ગર્ભધારણ સફળતાનું પરિણામ સારૂ મળે છે. સારી જાતવાન પાડીઓને વેચશો નહિ અથવા ભાગે બંધાવશો નહિ. પરંતુ તેમનો ઘર આંગણે જ ઉછેર કરો.

ઉપરોકત મુદાઓ પ્રમાણે પોતાના ઘર–આંગણે જ પાડીઓનો ઉછેર કરવાથી તે વહેલી પુખ્ત થતાં ગાભણ થઈ નાની ઉંમરે વિયાય છે અને તે શકિત મુજબ પૂરેપૂરું દૂધ આપશે જેથી દૂધનો ધંધો આર્થિક દ્રષ્ટિએ પોષણક્ષમ બનશે.

**૭. બચ્ચાને દૂધનો ખોરાક :**

નાના બચ્ચા માટે એક માસ સુધી દૂધ જરૂરી છે. ત્યાર બાદ દૂધ આપવામાં આવે તો તેની હોજરીનો વિકાસ પૂરતો થતો નથી જેથી પુખ્ત ઉંમરે દૂધ ઉત્પાદન ઓછું આપે છે. આ માટે પંદરેક દિવસની ઉંમર પછી લીલું કુમળુંઘાસ નાખવાનું શરૂ કરવું અને જેમ જેમ બચ્ચુ ખાતુ જાય તેમ તેમ તેનું પ્રમાણ વધારવું. સારી જાતનો પાંદડી વાળો સુકો ચારો આપી શકાય.

**૮. જાનવરનું વેતર ખાલી પડવા બાબત :**

વિયાણ બાદ દોઢ થી બે માસે જાનવર વેતરમાં આવે એટલે અવશ્ય બંધાવવુંજોઈએ જો ના બંધાવીએ તો વેતર દીઠ (૨૧ દિવસ) ૧૦૦૦ રૂપિયાની ખોટ જાય. આ સમય વિત્યા બાદ ગર્ભધારણની ટકાવારી ઘટે છે. કુત્રિમ વીર્યદાનથી જ બંધાવો.

**૯. બિન જાનવરોનો નિકાલ કરવો :**

બિન ઉત્પાદક (વાંઝિયા) જાનવરને દૈનિક ૨૦ થી ૨૫ રૂપિયાનો ખોરાક આપવો જોઈએ જે વાર્ષિક ૯૦૦૦ રૂપિયાનો થાય છે. પરિણામે તેની અસર સારા જાનવરની માવજત પર થાય છે.

**૧૦. ગરમીથી રક્ષણ :**

દૂધાળા જાનવરોને ગરમીથી રક્ષણ આપવાથી દૂધ જળવાઈ રહે છે. જે આશરે વાર્ષિક ૯૦૦ થી ૧૨૦૦ રૂપિયાનો ફાયદો થાય છે.

**૧૧. ચરમની દવાનો નિયમિત ઉપયોગ :**

નાના બચ્ચાને દર માસે છ માસ સુધી અને પુખ્ત જાનવરને વર્ષમાં બે વખત ચરમ નાબુદ કરવામાં આવે તો ૮ થી ૧૦% જેટલો ખોરાક ઉત્પાદનમાંપરિણમે છે. જેથી દૂધ ઉત્પાદન વધે છે.

**૧૨. ઝડપી દોહન પ્રક્રિયા :**

દૂધાળા જાનવરને જેટલું ઝડપી દોહવામાં આવે તેટલું ફેટ અને દૂધ વધે છે. વધુમાં વધુ ૭ મિનીટમાં દોહન પૂર્ણ કરવું જોઈએ.

**૧૩. હિસાબ :-**

પશુપાલનના ધંધામાં આવક–જાવકનો દૈનિક માસિક અને વાર્ષિક હિસાબ હોય તો ખોટ અટકે છે અને નફા તરફ વૃધ્ધિ થાય છે.

**૧૪. જાનવરદીઠ માહિતી :**

વધુ જાનવર હોય તો જાનવર દીઠ દૂધ અને ફેટની માહિતી તથા અન્ય સારા ગુણોની માહિતી હોવી જરૂરી છે. જેથી તેમના ખોરાકમાં, વેચાણમાંનિર્ણય લઈ શકાય.

**૧૫. બાવલાના રોગ સામે રક્ષણ :**

ટીટ–ડીપનો ઉપયોગ કરી બાવલાના રોગથી રક્ષણ આપવામાં ફાયદો થાય છે. દૂધાળા જાનવરના આંચળ બચશે અને દૂધ મળશે.

**૧૬. ખાલી–ગાભણની તપાસ :**

જાનવરોને બંધાવ્યા બાદ ૧૮ થી ૨૧ દિવસે ફરીથી વેતરમાંઆવી શકે છે કે કેમ તેની તપાસ રાખો અને ત્રણ માસે તેની ગર્ભધારણ તપાસ અચૂક કરાવો.

**૧૭. દૂધ દોહવાનું બંધ :**

ગાભણ પશુને વિયાણના બે માસ અગાઉ દોહવાનું બંધ કરવું. જેથી બાવલાને પછીના વેતરમાં દૂધ ઉત્પાદક કરવા માટે પૂરતો આરામ મળી રહે.

**૧૮. પોષણતમ આહાર :**

પશુને દૈનિક એક કિલો અને તેના દૂધના પ્રમાણમાં વાટો (દૂધ ઉત્પાદનનું અડધુ) આપો, તથા ગર્ભધારણના છેલ્લા ત્રણ માસ દરમ્યાન બે કિલો જેટલો વાટો આપો જેથી દૂધ ઉત્પાદન જળવાય રહેશે અને બચ્ચાનો સારો વિકાસ થશે.

**૧૯. સ્વચ્છ રહેઠાણ :**

જાનવરની સારી તંદુરસ્તી માટે તેને સ્વચ્છ હવા, ઉજાસવાળી પાકી ગમાણમાં બાંધો.

**૨૦. રસીકરણ અને સારવાર :**

દરેક જાનવરને ગળસૂંઢો અને ખરવા મોવાસા(લાળિયા) રોગ સામે સમયસર રસી મુકાવો જેથી આવા ગંભીર રોગો સામે થતું નુકશાન અટકાવી શકાય, બીમાર પશુની બાધા–ભુવા વિધી કરવા સિવાય તાત્કાલિક પશુની ડોકટર જોડે સારવાર કરાવો.

**૨૧. કરાટાની કરામત :**

બચ્ચાના જન્મ પછી અડધા કલાકમાં કરાટું પીવડાવીએ. કરાટુંએ ત્રિગુણી રસી જેવું છે. કરાટું પોષણ યુકત, રેચક અને માંદગી સામે રક્ષણ આપે છે.

**૨૨. વૈજ્ઞાનિક રીતે વાછરડી અને પાડી ઉછેર :**

ગ્રામ્ય કક્ષાએ એક સર્વ સામાન્ય મત પ્રવર્તે છે અને તે છે, મોટો જીવ અને નાનો જીવ, ગાય કે ભેંસ જો વિયાણ બાદ મરી જાય તો અતિ દુઃખ થાય છે. પરંતુ પાડી–વાછરડી મરી જાય તો દુઃખ થતું નથી અને મનમાં એવું માને છે કે નાનો જીવ ભલે ગયો પણ મોટો જીવ તો છે ને. આપણે આ વિચાર ધારા બદલવી પડશે અને સંકલ્પ કરવો પડશે કે આજની વાછરડી આવતી કાલની ગાય છે. જો આ વિચાર ધારા પ્રમાણે પાડી–વાછરડી ઉછેર નહી કરીએ તો એક સમય આપણા માટે કપરો આવશે. આપણે એવું સમજીએ છીએ કે જિલ્લાની બહારથી ગાય–ભેંસ લાવીએ તે જાતવાન અને વધુ દૂધ ઉત્પાદન વાળી હોય છે પણ બહારથી ગાય ભેંસ આવે છે તે જાતવાન હોતી નથી કારણ કે વેચનાર સારું જાનવર કદી વેચતા નથી. અન્ય જિલ્લામાંથી જાનવરો લાવવામાં આવે છે ત્યાં કારખાના નથી. પરંતુ ત્યાં પાડી–વાછરડીનો આદર્શ ઉછેર થાય છે. જિલ્લામાં પશુધન ઉતમ પ્રકારનું રાખવું હશે તો ઘર આંગણે બચ્ચાઓ ઉછેર કરવો જ પડશે.

જિલ્લામાં પ્રતિ જાનવર ઉત્પાદન ઓછું છે. આ માટેનું મુખ્ય કારણ ઘર આંગણે બાંધેલા જાતવાન જાનવરોનો વંશવેલો ઉછેરવા આપણે કાળજી લેતા જ નથી. અત્યારે દુનિયામાં જાનવર દીઠ ઈઝરાયેલનું સરેરાશ દૈનિક દૂધ ઉત્પાદન ૩૧ લિટર છે જયારે ભારતનું ૧.૮ લીટર છે. ભારતની અંદર ગુજરાતની ઉત્પાદકતામાં પાંચમો નંબર છે. જયારે ગુજરાતમાં આપણો જિલ્લો દૂધ ઉત્પાદનમાં પ્રતિ જાનવર ઉત્પાદકતામાં પાછળ છે. જો આપણે જાતવાન જાનવરો ઉછેર કરવામાં નિષ્ફળ જઈશું તો હજુ પણ વિકટ પરિસ્થિતિ આવવાની શકયતા છે. સારો ઉછેર અને માવજત કરી પાડી–વાછરડીનું મરણ પ્રમાણ ૧૫% થી વધે નહી તે રીતે દર વર્ષે વધુને વધુ જાનવરો ઉમેરાય છે. જેથી બહારથી જાનવરો લાવવાના બદલે ઓછું ઉત્પાદન આપતા જાનવરો આપણે વેચી શકીએ તેમ છીએ. આ માટે જરૂર છે કે ઘર આંગણે પાડી–વાછરડી ઉછેર કરવાના પ્રયત્નો કરીએ તો વિકાસ વધે. મરણ પ્રમાણ ઘટે અને ઓછા ઉત્પાદનવાળા જાનવરોનું વેચાણ કરી જાતવાન જાનવરોનો ઉછેર કરી શકાય.

પાડી–વાછરડીનો ઉછેર વૈજ્ઞાનિક ઢબે કરવાથી તેનો શારીરિક વિકાસ સારો થતાં વહેલી પુખ્ત બને છે. સમયસર વીર્યદાન થતાં વહેલી ગાભણ થાય છે. આપણા જિલ્લાના સામાન્ય રીતે પાડીઓ ચાર–સાડા ચાર વર્ષે વેતરમાં આવે છે. જયારે સારા ઉછેરવાળી કેટલીક પાડીઓ અઢી–ત્રણ વર્ષે ગાભણ થાય છે. પુખ્ત ઉમરના જાનવરનું વિયાણ મોડું થાય તે સમય દરમિયાન પશુપાલકને ઘાસ,દાણ, માવજત વગેરેનો ખર્ચ થાય તો થાય જ સાથે સાથે દૂધ ન મળવાનું પણ નુકશાન થાય છે. આવું આર્થિક નુકશાન અટકાવવા જન્મથી જ બચ્ચાંના ઉછેર અને માવજત પ્રત્યે વિશેષ કાળજી રાખવી જોઈએ.

પાડી–વાછરડીના મરણના કારણોમાં ચરમ, અપૂરતું પાણી, કરાટું નહી પીવડાવવાથી થાય છે. જિલ્લાના દરેક પશુપાલક નાના બચ્ચાને પ્રેમથી ઉછેર કરે તો આપણે સારા જાનવરો ઘર આંગણે ઉત્પન્ન કરી શકીએ તેમ છે. નીચેના મુદાઓ પાડી–વાછરડી ઉછેરમાંખૂબ જ અગત્યના છે.

ભેંસના ગર્ભકાળના આઠ મહિના પછી દોહવાનું બંધ કરવું, આ સમય દરમ્યાન ગર્ભાશયમાં બચ્ચાનો વિકાસ ઝડપી થતો હોવાથી ભેંસને દૈનિક ૧.૫ કિલો દાણ(વાંટો) તથા ૨૦ થી ૨૫ કિલો લીલા સૂકા ઘાસચારાનું મિશ્રણ નાના ટુકડા કરી આપવું જોઈએ. ગાભણ ભેંસને સ્વચ્છ હવા ઉજાસવાળી તથા ભેજ